## તને સાંભરે રે...

- આપણામાંથી કોને 'બૅન' એ કોઈક છોકરી હશે એવું લાગ્યું હતું?
- આપણે શું નવું શીખ્યા?/તમને આવડતું હોય પણ ભણવામાં પહેલી વાર આવ્યું હોય તેવી કોઈ બાબત આવી આ એકમમાં?
- ટોમ બધા પાસે કામ કરાવી લેશે તે તમને ખ્યાલ આવી ગયેલો? ક્યારે? કેમ?
- વિદ્યાર્થીઓને કહો કે તેઓ પાઠ્યપુસ્તકનાં પાનાં ફેરવતાં જઈ, પાઠ્યપુસ્તકમાં જોઈને પણ જવાબ આપી શકે.
- ખિસ્સું શેરીથી શર્ટ સુધી કઈ રીતે પહોંચ્યું?
- 'શંખલાની બહેન છીપલી' માં કોણ શંખલો અને કોણ છીપલી?
- આખી ચોપડીમાં તમને કઈ વાર્તા સૌથી વધુ ગમી? કેમ?
- વાર્તાઓનાં કયાં પાત્રો/કોણ કોણ ડાહ્યું હતું? કોણ કોણ તોફાની?
- કયાં કયાં ગીત કવિતા/ગીત/વાર્તામાં ભાઈ-બહેનની વાત આવતી હતી? તે વાત શું હતી?
- કયા ગીતમાં સવારની વાત હતી? કયામાં રાતની? શું વાત હતી?
- કંકુ પગલાં પાડવા શું કરવું પડે?
- મેદાનમાં રમવાની/વર્ગમાં રમવાની કઈ-કઈ રમતો તમે શીખ્યા? રમ્યા?
- કોઈ વાક્યને લાંબું બનાવવું હોય તો શું કરવું પડે?
- તમે ક્યારે-ક્યારે પ્રશ્નો બનાવ્યા/પૂછ્યા હતા?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# ફરી એક લટાર-૨

## ૧. પ્રશ્નોના જવાબ આપો.

૧. મિન્ટુ મકોડો કેમ લોહીલુહાણ થઈ ગયો? તેને કોણે બચાવ્યો? કઈ રીતે?

૨. તૃપ્તિની બહેનપણીઓને શાની નવાઈ લાગી હશે?

૩. ભીષ્મના નવા બંગલે બોધરાજ વારંવાર કેમ જતો?

૪. ભીષ્મ તેના ગોદામને કબૂતરખાનું કેમ કહે છે?

૫. દેશી રમતો એટલે કેવી રમતો? ઓછામાં ઓછાં બે લક્ષણો લખો.

૬. બપોર સુધીમાં આખી દીવાલ ત્રણ વાર કેવી રીતે રંગાઈ શકી?

૭. અટકચાળા પવનની આખી વાત ફરિયાદ તરીકે લખો.

૮. આખા પુસ્તકમાંથી તમે કઈ વાર્તા અને કઈ કવિતાને પહેલો નંબર આપો? કેમ?

## ૨. અધૂરાં વાક્ય પૂરાં કરો. એકમના આધારે નહીં, તમારી સમજ પ્રમાણે

૧. શેરીને નાકે આવેલી દુકાનને અમે ..........................................................................


૨. તે ખેલાડીનું નામ .............................. છે. પણ બધા તેને .......................... તરીકે ઓળખે છે.

૩. ચાર રસ્તા પર .................................. ની પ્રતિમા છે.

૪. રાજેશભાઈ પોતાની બાઈકને .............................. કહે છે.

૫. અમે એક કાચબી પાળી છે અને તેનું નામ ......................... રાખ્યું છે.

## ૩. ચિત્ર જોઈ તે ખાનામાં 'સવાર' કાવ્યની પંક્તિનો યોગ્ય ક્રમ લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
|  | ઉદાહરણ  ૨, ૬, ૧૦, ૧૪ |  |  |  |  |

## ૪. લખો : સાંજ પછી...

(૧) કૂતરાં શું કરે?

(૨) તમારા ફળિયા/સોસાયટીમાં કઈ કઈ પ્રવૃત્તિઓ થાય?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**૫. પક્ષીઓ વિશે બોધરાજને કઈ કઈ વાત ખબર હતી? કેવી રીતે? જોડકાં જોડો.**

| અ | | બ |
|---|---|---|
| ● કયું પક્ષી કયા વિસ્તારનું છે? | - | તે ચણ લેવા ગયાં હશે. હમણાં પાછાં ફરશે. |
| ● કયો માળો કયા પક્ષીનો છે? | - | તેઓ શોધી કાઢશે. |
| ● પક્ષી બચ્ચાં કઈ રીતે ઉછેરે? | - | આ કાબરનો માળો છે. |
| ● પક્ષીનાં બચ્ચાંને આપણાથી અડાય નહીં. | - | પોતે પણ હાથથી એમને અડક્યો નહીં. |
| ● પક્ષીઓ પોતાનાં બચ્ચાંને શોધી કાઢતાં હોય છે. | - | જો એ બ્રાહ્મણી કાબર છે. આ વિસ્તારમાં ભાગ્યે જ જોવા મળે. |

**૬. વાક્યોમાં જે ભૂલ છે તે સુધારીને બોલો. ગાઢા અક્ષરે છાપેલો શબ્દ બદલવાનો નથી.**

૧. **જિગીષા** ચેસ રમતું ત્યારે નાની **જીગર** લખોટી રમતું.

૨. **ભાઈબહેન બંને** બિચારીએ ઘણું જોર કર્યું પણ તે કૂદી ન શક્યું.

૩. **મોટાં બહેન** આવી એટલે ઘરમાં બધાં વ્યવસ્થિત ગોઠવાઈ ગઈ.

૪. **કુંભાર** થાકી ગઈ, પણ **ગધેડો** ટસનું મસ ન થયું.

૫. મોટી ઘટાદાર **પીપળા** પર ઘણાં **જીવજંતુ** રહેતો હતો.

**૭. આ ચોપડીમાં અત્યાર સુધીમાં કેટલી વાર્તાઓ વાંચી? કહો. વાક્ય કઈ વાર્તાનું છે? ઓળખી કાઢો. તે વાર્તામાંથી તે વાક્ય શોધી અહીં લખો. બંને વાક્ય સરખાવો. તેમાં કયા શબ્દો બદલાયેલા હતા? કેમ? ચર્ચા કરો.**

| ભૂલવાળું વાક્ય | વાર્તા | વાર્તામાંનું વાક્ય |
|---|---|---|
| ૧. એવામાં બકરીની એક બચ્ચું આમ તેમ કૂદકા મારતી હતી. | | |
| ૨. રામજીબાપુએ હસીને કહ્યું, ‘‘એને મારી પાસે મૂકતી જા.’’ | | |
| ૩. કૂકડાં ચકિત થઈ ગયાં. કૂકડાં ભણવાનું ભૂલી ગયાં. | | |
| ૪. સવાર થઈ મજૂર કામે લાગી ગયો. | | |
| ૫. જેમ મારાં બચ્ચાં મને વહાલાં છે તેમ સૌને પોતપોતાનાં બચ્ચાં વહાલાં હોય. | | |



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૮. **કૌંસમાંના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય પૂરું કરો.** (વેશ, આજીજી, સરપાવ, ભિક્ષા, અપવાદ)

૧. લીંબુ-ચમચીની રમતમાં રવિ પહેલે નંબરે આવ્યો. તેથી ..............................

૨. મોહનભાઈને પગે ખૂબ દુઃખતું હતું. પોતાને સાજા કરવા તેઓ ડૉક્ટરને ............

૩. જૂના જમાનામાં વિદ્યાર્થીઓ ..................................................................

૪. અમારા ઘરમાં બધાને કેરીનો રસ ભાવે, ધ્રુવને જરાય નહીં. ધ્રુવ........................

૯. **'કેમ કે', 'તેથી' અથવા 'કારણ કે' માંથી કોઈ એક શબ્દ વડે વાક્યો જોડો.**

૧. માયા ખૂબ ઉતાવળથી લખતી હતી. તેના અક્ષર ખરાબ આવ્યા છે.

૨. આપણે પરસેવો થાય તેટલું તો દરરોજ રમવું જ જોઈએ. સ્વાસ્થ્ય માટે તે જરૂરી છે.

૩. જમ્યા પછી છાસ પીવી જોઈએ. તે પીવાથી પાચન જલદી થાય છે.

૪. હાથી ઝડપથી દોડી શકતો નથી. તેનું શરીર ખૂબ ભારે છે.

૫. ગંદા પાણીનો યોગ્ય નિકાલ કરવો જોઈએ. ગંદા પાણીથી કૉલેરા, મેલેરિયા જેવા રોગ થાય છે.

૧૦. **અહીં દરેક વાક્યમાં બે વાક્ય ભેળસેળ થઈ ગયાં છે. તેમને છૂટાં પાડી સાચાં વાક્ય બનાવો.**

૧. શિક્ષકે બાફ્યું બૉર્ડ, શાક પરથી મમ્મીએ શબ્દો ભૂસ્યા.

૨. ઈન્જેક્શન વાગ્યું ડ્રાઈવરને લગાવ્યું ડૉક્ટરે પગમાં એટલે.

૩. પવન વાદળને પહોંચાડી તો ક્યાં ક્યાંના દે!

૪. વૃક્ષ કેવી રીતે ફાડીને બીજ બની જાય છે જમીન?

૫. દાખલા ભણ્યાં સંસ્કૃતમાં ગણિતમાં શ્લોક ગણ્યાં.

૧૧. **સાતથી વધારે શબ્દવાળું વાક્ય બનાવો. દરેક વાક્યમાં બંને શબ્દ આવવા જરૂરી છે.**

| | | |
|---|---|---|
| ૧. ડાકણ, લીંબુ | ૨. સમડી, આંબો | ૩. સૈનિક, કસરત |
| ૪. કવિતા, અભિનય | ૫. દોસ્ત, મસ્તી | ૬. ઘરકામ, વાર્તા |

●●●



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# પૂરક વાચન

## શ્રાવણ

### લે. દુર્ગા ભાગવત, અનુ. અરુણા જાડેજા

શ્રાવણના વરસાદ અને વાદળાંની મજા તો કેટલી અને કઈ રીતે કહેવી! સૂર્યગોલો તો લગભગ નહીં જેવો દેખાય. આ જુઓ, સાંજુકનાં વાદળાં આમતેમ વેરાઈ રહ્યાં છે. વરસાદે ઘડીક પોરો ખાધો છે, પવન બહુ છે. વાદળાં વીખરાય છે અને કાચીંડાની જેમ રંગ બદલે છે. કેટકેટલા રંગ! પશ્ચિમ ક્ષિતિજ પાસે મોટાં જાંબુડિયાં વાદળાંમાં કાળાકાબરા આકાશમાં ફેલાયેલાં વાદળાંમાંથી એકદમ ઊછળીને બહાર આવે છે. પછી એ વેરાવા લાગે. એમાંથી રાતાં જાંબુડિયાં વાદળાં નીકળે, એમાંથી રાતાં અને પછી લીંબુડિયા રંગનાં એકદમ પીળાં વાદળાં હસવા લાગે. એમાંથી નીકળીને એક કેસરી કિનાર જાંબુડિયાં વાદળાંમાં આળોટવા લાગે. પીળો અજવાશ ફેલાય. વાતાવરણમાં અજવાશ ફેલાય. લગભગ અડધો એક કલાક આ ધૂળેટી ચાલે. પછી જાંબુડિયાં વાદળાં ફરીથી આક્રમણ કરીને લાલપીળા લટકા સંતાડી દે અને કાળાં ધુમ્મસિયાં વાદળાંની પછેડી ઓઢીને વર્ષાની ધારાનું ગાન સાંભળતાં સાંભળતાં સૂઈ જાય. ખાલી કાળો રંગ ક્યારેક ભયાનક નથી હોતો પણ એમાં ગુલાબી ભળતાં રૂંવાડાં ઊભાં થઈ જાય. જાણે મોતનો જ પડછાયો. સાંજનાં વાદળાંનો આ રંગ જોઈને ખૂબ ઉદાસ થઈ જવાય. જો કે રાત તરત જ પડે. ગાઢ અંધકારનાં મોજાં ગીચ થતાં થતાં આખુંય આકાશ એક જ રંગનું કાળું ધુમાડિયું થતું જાય. વીજળી ચમકે એટલે ફક્ત કાળાં-ધોળાં વાદળાં જુદાં તરી આવે. એક મજાની વાત. એક આ વીજળીના ચમકારા જવા દો તો, આ વાદળાંએ હકીકતે તો બધા સૂર્યોને ઢાંકી રાખ્યા હોય છે, છતાં, આકાશ મધરાતે જોવું તો જોઈએ, મુશળધાર વરસાદ પડતો હોય તો પણ. નેવાં પરથી પડતી ધીમી ધારના પડદાને કારણે પાડોશનું ઘર કદાચ ન દેખાય પણ આકાશ કાંઈ જુદું અને ધોળુંધબ દેખાઈ આવશે. અંધારામાં જરીક ધોળું પણ વધુ ધોળું લાગે. તેવી જ રીતે સાંજે ધુમાડિયાં લાગતાં વાદળાં જ આકાશને ધોળાશ આપી જાય છે. બાકી તો ભલેને આસપાસમાં અંધારું હોય તોયે આકાશનો અજવાશ-આછો તો આછો-પણ ટકી રહે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in